ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# ઉદ્ધવસંદેશના કાવ્યો અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

**Suresh Singala**

**Assistant Professor**

**GACC Jamkhambhaliya**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મોટાભાગે ભક્તિના રંગે રંગાયેલ સાહિત્ય છે. આ સમયના સર્જકો કવિઓ નથી, પરંતુ ભક્ત છે. તેમને કવિતા કરવા કરતાં ભક્તિ કરવામાં વધારે આસક્તિ છે. પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી તેમની લીલોનું ગુણગાન કરવું તે આ સર્જકોનો મુખ્ય ઉદેશ છે. તેથી આપણે જોઈશું કે આ સમયમાં જે કઈ સાહિત્ય રચ્યું છે તે મોટાભાગે ધર્મ આધારિત જ રચાયું છે. તેમાં પણ કૃષ્ણ સૌથી વધારે પ્રિય રહ્યાં છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણ ભક્તિની એક અખંડ ધારા વહે છે. કૃષ્ણનું જીવન અને તેમની લીલાઓ સર્જકોને હંમેશા આકર્ષિત કરતો વિષય રહી છે. નાના-મોટા સૌ કવિઓએ કૃષ્ણ વિષે કાવ્ય રચ્યું જ હશે એમાં કોઈ શંકા નથી. કૃષ્ણના જીવનમાં અનેક પ્રસંગો મહત્વના છે. પણ અહીં કૃષ્ણ ગોકુલ છોડી કંસનો વધ કરવા મથુરા જાય છે, અને પછી ત્યાં જ રોકાય જાય છે. કૃષ્ણના પાછા ન ફરવાથી ગોકુળવાસીઓમાં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ વિરહમાં પરિવર્તિત થઇ જાય છે. કૃષ્ણ પોતે તો નથી આવી શકતા પરંતુ તે પોતાના મિત્ર જ્ઞાની ઉદ્ધવ સાથે પોતાનો સંદેશો મોકલાવે છે. આ પ્રસંગ ભાગવતમાં ઘણો મહત્વનો છે. ભગવત પછી કૃષ્ણભક્તિની જે પરંપરા ચાલી તેમાં પણ ઉદ્ધવસંદેશ એક મહત્વના વર્ણન વિષય તરીકે ઘણી ખ્યાત છે. વ્રજભાષામાં અષ્ટછાપ કવિઓએ આ પ્રસંગુનું આલેખન કરતી ઉત્તમ રચનાઓ કરી છે. જેમાં સૂરદાસે તો ભાગવતને અનુસરીને જ આ પ્રસંગનું આલેખન કર્યું છે. ભક્તિ આંદોલનના પ્રભાવથી પંદરમી સદીમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ ભક્તિની કવિતાનો પ્રવાહ શરુ થાય છે. નરસિંહ મહેતા આ પ્રવાહના પ્રથમ ઉદ્ગાતા છે. તેમની કવિતામાં કૃષ્ણ ભક્તિની જે ગંગા વાહી છે તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્યાર પછીના કવિઓને પ્રેરણા આપતી રહી છે. અહીં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઉદ્ધવસંદેશના કાવ્યોની પરંપરાનો પરિચય કરીને ક્યાં-ક્યાં કવિઓએ આ પ્રસંગને ધ્યાનમાં લઈને કૃતિઓ રચી છે તેનો આલેખ દોરવા પ્રયત્ન કર્યો છે.

ગુજરાતમાં કૃષ્ણ ભક્તિનો પ્રવાહ નરસિંહથી શરુ થયો છે. કૃષ્ણ જ જીવનનું અંતિમ સત્ય છે તેવી શ્રદ્ધા ધરાવતો નરસિંહ પોતાના પદોમાં કૃષ્ણ પ્રત્યેની પોતાની ભક્તિ પ્રગટ કરે છે. તેણે રચેલ પદ કવિતામાં ઉદ્ધાવ સંદેશને લગતી સ્વતંત્ર કવિતા પ્રાપ્ત થતી નથી. પરંતુ ગોપીઓ ઉદ્ધવને મળે છે ત્યારે કુબ્જા અને કૃષ્ણ માટે સંદેશો કહેવડાવે છે તેવું આલેખન કરતાં પદો મળે છે. વિરહથી આસક્ત ગોપીઓ કૃષ્ણની ઘણી રાહ જુએ છે તેમ છતાં કૃષ્ણ તેમને મળવા આવતા નથી. ઉલટાનું પોતાના મિત્ર સાથે સંદેશો મોકલાવી દે છે. તેથી ગોપીઓ કૃષ્ણને ઉપાલંભ આપે છે. નરસિંહ પાસેથી આ પ્રસંગને લાગતાં સ્વતંત્ર પદો મળે છે પણ વ્યવસ્થિત રીતે સળંગ આલેખન કરતી રચના પ્રાપ્ત થતી નથી.

નરસિંહ પછી થઇ ગયેલો ભાલણ સંસ્કૃતનો સારો જાણકાર હતો. તેણે ભાગવતના દશમસ્કંધને ધ્યાનમાં રાખીને ગુજરાતીમાં 'દશમસ્કંધ; રચ્યું છે. જેમાં ભાલણ ઉદ્ધવ સંદેશના પ્રસંગનું વિસ્તારથી વર્ણન કરે છે. તેણે પોતાના 'દશમસક્ન્ધ'માં અધ્યાય ૨૬૭ થી ૨૯૨ સુધી આ પ્રસંગનું આલેખન કર્યું છે. ૨૬ પદમાં ભાલણ જશોદાનો નિરવધિ પુત્ર પ્રેમ અને ગોપીઓની વિરહ વ્યથાને આલેખે છે. કૃષ્ણ માટે વાત્સલ્ય રસથી છલકાય જતું જશોદાના હૃદયનું ભાલણે સરસ આલેખન કર્યું છે. તો સામે ગોપીઓનાં કૃષ્ણ પ્રત્યેના પ્રેમનું પણ વિપ્રલંભશૃંગારનું પણ સારું નિરૂપણ કર્યું છે. ભાલણના

આ પદો ઉપર સંસ્કૃત તથા વ્રજભાષાના આ પ્રાસંગના કાવ્યોનો પ્રભાવ દેખાય આવે છે.

ભાલણ પછી કૃષ્ણ ચરિત્રનું આલેખન કરનાર કવિ ભીમ 'હરિલીલાષોડશકલા' નામના દીર્ઘ કાવ્યમાં આ પ્રસંગનું સંક્ષેપમાં આલેખન કરે છે. ૧૬ ખંડમાં વિભાજીત થયેલ આ દીર્ઘ રચનામાં કવિ કૃષ્ણના સામગ્ર જીવનને રજુ કરવા ધારે છે, તેથી તેમાં આલેખનની મોકલાશ ના હોય તે સ્વાભાવિક છે. કવિએ ૧૩ માં ખંડમાં ઉદ્ધાવસંદેશની કથાનું નિરૂપણ કર્યું છે. ભાલણ જે રીતે પ્રસંગને નિરાંતે રજુ કરે છે તેમ આ કવિ કરી શકતા નથી. તેમ છતાં ભીમનાં આલેખનમાં સંસ્કૃત કાવ્ય પરંપરાનો પ્રભાવ દેખાય આવે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રથમ સ્વતંત્ર રીતે આ પ્રસંગું આલેખન કરવાનું કામ કવિ ચતુર્ભુજ કરે છે. ૧૦૩ કડીની તેની રચના 'ભરમારગીતા' આ પ્રકારનું ગુજરાતી સાહિત્યની પ્રથમ સ્વતંત્ર કૃતિ છે. કવિએ કાવ્યના પ્રારંભે આ કાવ્યને 'શ્રીકૃષ્ણગોપી વિરહમેલાપક ભ્રમરગીતા' એવું નામ આપ્યું છે. કાવ્યના પૂર્વાર્ધમાં કૃષ્ણના ગોકુળથી મથુરાગમન સુધીના પ્રસંગોનું વર્ણન કર્યું છે. અને ઉત્તરાર્ધમાં ઉદ્ધવ દ્વારા કૃષ્ણનો સંદેશો અને ગોકુલવાસીઓની હૃદય વ્યથાનું ચિત્ર આલેખ્યું છે. જ્ઞાન અને ભક્તિ વચ્ચેનો સંઘર્ષ આ કૃતિમાં સરસ રીતે પ્રગટ થયો છે. ગોપીઓની વિરહ વેદનાનું સચોટ વર્ણન કરીને કવિએ કરુણરસની નિષ્પતિ કરી છે. ભરમારકાવ્યોની પરંપરાને ધ્યાનમાં રાખીને કવિએ ગોપીઓનાં મુખે કૃષ્ણને ઉપાલંભના વેણ સંભળાવ્યા છે. આ રચનામાં પ્રસંગ આલેખન તો ઉત્તમ છે જ, સાથે સાથે અભિવ્યક્તિ પણ ઉત્તમ છે. કવિએ વચ્ચે વચ્ચે આંતરયામાંકની પદ્ધતિનો ઉપયોગ કરીને કાવ્યને વાધારે આસ્વાદ્ય બનાવવાના પ્રયાતો કર્યા છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઉદ્ધવસંદેશના પ્રસંગને ખૂબીપૂર્વક અને સ્વતંત્ર રીતે રચવાનો પ્રથમ પ્રયત્ન કરનાર ચતુર્ભુજનું સ્થાન મહત્વનું છે.

VIDHYAYANA

સાત હાજર પંક્તિમાં કૃષ્ણના જીવનના વિવિધ પ્રસંગોને આલેખવા મથતાં કવિ કેશવદાસ કાયસ્થ પાસેથી 'શ્રીકૃષ્ણક્રીડાકાવ્ય' મળે છે. સંસ્કૃત ભાષા ઉપર કાબુ ધરાવતા આ કવિએ ઉદ્ધવસંદેશના પ્રસગનું આલેખન વીસમા સર્ગમાં કર્યું છે. કૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવતી ગોપીઓને કૃષ્ણના પાછા ન ફરવાથી કેટલો વિરહ થાય છે, તેનું આલેખન કવિએ ખૂબીથી કર્યું છે. ગોપીનાં વિરહને તળપદી લોકભાષામાં અભિવ્યકત કરવાની કવિની આવડત કાવ્યને ઘણી ઉપકારક નીવડી છે. કેશવદાસે કરેલ આ પ્રસંગમાં કરુણરસનું પ્રાધાન્ય રહે છે.

આખ્યાનમાં મહત્વનું પ્રદાન કરનાર નકાર પાસેથી 'ભરમારગીતા' નામની આ પ્રસંગને આલેખતી એક સ્વતંત્ર રચના મળે છે. ૯૯ કડીમાં વિસ્તરતી આ રચનામાં કવિએ જશોદાના વાત્સલ્યને આર્દ્રતાથી આલેખ્યો છે. કૃષ્ણ વિના ગોકુલ કેવું સુનું છે તેનો કવિએ જે ચિતાર આપ્યો છે તે ખરે જ આસ્વાદ્ય છે. કથા સંક્ષેપમાં કહેવાય છે છતાં ભાવ અને ભાષાના કારણે કાવ્યનું મુલ્ય વધી જાય છે.

સોળમાં શતકમાં થઇ ગયેલા બ્રેહેદેવની 'ભરમગીતા' આ પરંપરાની મહત્વની રચના છે. નરસિંહની ચતુરીઓની

જેમ રચાયેલ આ રચના ઘણી લોકપ્રિય બની છે. ૨૮૩ પદમાં કવિએ ઉદ્ધવસંદેશના પ્રસંગને નિરૂપિત કર્યો છે. સ્વાભાવિક છે કે કવિ પાસે કથા કહેવા માટે નિરાંતનો સમય હોય. નંદ-યશોદાને ખાસ યાદ ના કરતો આ કવિ ગોપીઓનાં વિરહ ભાવને જ વધારે ઘૂંટે છે. કૃષ્ણના વિરહમાં ઝૂરી મારતી ગોપીઓની હૃદય દશા કેવી છે તેનું સચોટ વર્ણન આ કવિ પાસેથી મળે છે. વિપ્રયુક્તા નાયિકાની વિરહદશા કેવી કપરી હોય છે તેનો ઉત્તમ નમુનો આ કાવ્ય માંથી મળે છે. ભાવનું સઘન આલેખન કૃતિને વધારે આસ્વાદ્ય બનાવે છે. કવિએ કરેલ અભિવ્યક્તિ પણ સુંદર અને સહજ છે. અહીં કવિ પ્રસંગના મૂળ હેતુના સ્થાને વિપ્રલંભશૃંગારનું આલેખન કરવામાં વધારે રોકાયા જણાય છે. તેમનું લક્ષ્ય પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનનું નિરૂપણ કરવાના સ્થાને કૃષ્ણ માટે વિરહમાં આસક્ત ગોપીઓનાં મનની વિરહ દશાનું આલેખન કરવા તરફ વધુ ઝુંકી ગયેલી જણાય છે. તેમ છતાં પ્રસ્તુત કાવ્ય ઉદ્ધવસંદેશ કાવ્યની પરંપરામાં ઘણું મહત્વનું છે.

શ્રીમદ વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીના પરમ શિષ્ય કવિ ભીમ વૈષ્ણવની ૧૪૫ કડીની ‘રસિકગીતા’ ઉદ્ધવના વ્રજગમનનો પ્રદંગ વર્ણવે છે. ભીમની આ કૃતિ પ્રથમ એવી કૃતિ છે કે જેમાં આરંભે જ કહી દેવાય છે કે ઉદ્ધવના જ્ઞાનગર્વનું ખંડન કરવા જ તેને વ્રજમાં મોકલવામાં આવે છે. તેથી જ કાવ્યમાં પ્રેમ અને જ્ઞાન વચ્ચે સતત સંઘર્ષ થતો જોવા મળે છે. ગોપીઓનો વિરહ, સ્ત્રી સહજ ઈર્ષ્યાભાવ, કૃષ્ણ પ્રત્યેનો ઊંડો સ્નેહ તથા લાગણીઓને પ્રભાવ્કતાથી વ્યક્ત કરવાની કુશળતા કાવ્યને વધુ આસ્વાદ્ય બનાવે છે. કાવ્યના નાતે ઉદ્ધવ પોતાના જ્ઞાનને ભૂલીને પ્રેમના પ્રવાહમાં તણાય જઈને કૃષ્ણ અને ગોપીઓનાં સ્નેહને ખરાં અર્થમાં જાણે છે. ભીમની આ કૃતિ આલેખનની દ્રષ્ટીએ ઘણી મહત્વની છે.

ઉદ્ધાવસંદેશના પ્રસંગનું આલેખન કરનાર મહત્વના કાવ્યમાં વિશ્વનાથ જાની કૃત ‘પ્રેમપચીસી’ ઘણી મહાત્વની રચના છે. ૨૫ પદમાં વિસ્તરતી આ રચનામાં કવિએ કૃષ્ણ અને ગોકુલવાસીઓના સ્નેહનું સુંદર આલેખન કર્યું છે. મથુરામાં જ રોકાય ગયેલા કૃષ્ણના ચહેરા ઉપર આનંદની એકેય રેખા ન ભળતી દેવકી કૃષ્ણને ઉદાસીનું કારણ પૂછે છે ત્યાંથી કાવ્યનો આરંભ થાય છે. કૃષ્ણ મુક્ય્ત્વે બે ભાગમાં વિભાજીત થઇ છે. જેમાં પ્રથમ ભાગમાં મથુરામાં રહેતા કૃષ્ણને ગોકુળ સ્મરણમાંથી ખસતું નથી તેનું આલેખન છે, અને બીજા ભાગમાં કૃષ્ણનો સંદેશ લઈને ગોકુળ જતાં ઉદ્ધવનું ચિત્ર આલેખ્યું છે. કવિએ કાવ્યમાં ગોપીઓ અને નાદ-યશોદાનો તો કૃષ્ણ વિરહ આલેખ્યો જ છે. સાથે સાથે ગોકુળ માટે કૃષ્ણ પણ કેવાં વિરહી છે તેનું નિરૂપણ કાવ્યના પ્રારંભિક પદોમાં થયું છે. અન્ય કવિઓની આ પ્રકારની રચનાઓમાં કરતા પ્રસ્તુત રચના આલેખન અને અભિવ્યક્તિના લીધે અલગ તરી આવે છે. કવિએ મૂળ પ્રસંગને ધ્યનમાં લઈને પોતાની રીતે અહીં કેટલાક ફેરફાર પણ કાર્ય છે. જેના લીધે કૃતિની આસ્વાદ્ય ક્ષમતા વધી છે. કૃષ્ણ માટે યશોદા ઉપરાંત નંદનો વિરહ પણ ભાવકને પુત્ર માટે પિતાની હૃદય વેદનાનો અનુભવ કરાવી જાય છે. વિશ્વનાથની આ રચના મધ્યકાળમાં જ નહિ આજે પણ ઘણી લોકપ્રિય છે.

વિશ્વનાથ પછી આ પ્રસંગને આલેખાનું કામ કરે છે પ્રેમાનંદ. આખ્યાનકલામાં નિપુણ એવો આ કવિ ૨૫ પદની ‘ભ્રમરપચીસી’ આપે છે. ૩૦૯ પંક્તિની આ રચનામાં પિતા નંદને ઉપદેશ આપવા ને માતા યશોદાનો શોક દુર કરવા

કૃષ્ણ ઉદ્ધવને ગોકુલ મોકલે છે તેનું આલેખન થયું છે. કૃષ્ણ પ્રત્યે પોતાનો પ્રેમ અનન્ય છે તેવું અભિમાન રાખનાર ઉદ્ધવ ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ જોઇને ચકિત થઇ જાય છે. ગોપીઓનો પ્રેમ જોઇને ઉદ્ધવનો જ્ઞાનગર્વ ઓગળી જાય છે. પ્રારંભના પદોમાં નંદ-યશોદાની કરુણ દશાનું આલેખન પ્રેમાનંદે કર્યું છે. ત્યાર પછી ગોપીનો કૃષ્ણ માટેનો પ્રેમ અને તેના લીધે ઉત્પન્ન થતાં વિરહનું આલેખન થયું છે. પ્રેમાનંદ એક ઉત્તમ સર્જક હોવાથી તેની આલેખન પદ્ધતિ અને નિરૂપણ કૌશલ્ય નાય કરતાં ચડિયાતું હોય તે સ્વાભાવિક છે. કૃષ્ણ માટે યશોદાનો વાત્સલ્ય પ્રેમ કાવો ઊંડો છે તેનું સુંદર આલેખન કવિએ કર્યું છે. કવિએ યશોદાના પાત્રની પ્રાચીન છાપને હાનિ પહોંચાડ્યા વિના ઉત્તમ નિરૂપણ કર્યું છે.

પ્રેમાંનંદના સમકાલીન એવા કવિ રાજે પાસેથી ૪૪ કડવામાં વિભક્ત ‘વ્રેહગીતા’ મળે છે. જેમાં ઉદ્ધવસંદેશના પ્રસંગનું આલેખન થયું છે. રાજેની આ કૃતિ પ્રથમ એવી કૃતિ છે કે જેમાં ગોપીઓનાં વિરહને ભ્રમરના આલેખન વગર જ વ્યક્ત કરવામાં આવ્યો છે. કવિએ કૃષ્ણ માટે વિરહમાં ઝૂરતી ગોપીઓના ચિત્તની અવસ્થાનું હૃદયગમ્ય આલેખન કર્યું છે. રાજે પછી આ પ્રસંગનું આલેખન કરનાર વલ્લભ પાસેથી ‘વ્રજ વિયોગનો ગરબો’ નામની રચના મળે છે. ગરબા સ્વરૂપે રચાયેલ ઉદ્ધવ સંદેશની આ પ્રથમ કૃતિ છે. ગોપીઓનાં વિરહની અભિવ્યક્તિ કવિએ સરળ અને સહજ ભાષમાં રજુ છે. રઘુનાથદાસ નામના કવિએ પાંચ ગરબામાં ઉદ્ધવસંદેશ નામની રચના કરી છે. કૃષ્ણ પોતે ન આવ્યા અને પોતાના મિત્રને મોકલી દીધો તેની ફરિયાદ કરતી ગોપી કૃષ્ણ પ્રત્યે કેવો સ્નેહ ધરાવે છે તેનું આલેખન અહીં થયું છે. કૃષ્ણના સ્મરણો સાથે જીવન વ્યતીત કરતી વ્રજવનિતા કેવા કેવા દુઃખો સહન કરીને કૃષ્ણની પ્રતીક્ષા કરે ચેતેનું હૃદયગમ્ય આલેખન કવિએ કર્યું છે.

જ્ઞાનમાર્ગી કવિ પ્રિતમદાસ પાસેથી ૨૦ વિશ્રામમાં વિભક્ત ‘સરસગીતા’ મળે છે. ઉદ્ધવસંદેશની કથાને આલેખતી આ રચનામાં કવિએ ઉદ્ધવના જ્ઞાનનો મહિમા કરીને પ્રેમ ભક્તિના માર્ગનું ચડિયાતાપણું પ્રગટ કર્યું છે. પ્રસ્તુત રચનામાં ઉદ્ધવ ગોપીઓને શાંત કરવા માટે શોક નહિ કરવા તથા કૃષ્ણ હંમેશા પોતાની સાથે જ છે તેવો અનુભવ કરવાનો ઉપદેશ કરે છે. પરંતુ કૃષ્ણના પ્રેમમાં આસક્ત થયેલ ગોપીઓને મન તો જ્ઞાન કરતાં પ્રેમનું મુલ્ય વધારે છે, તેથી જ કવિ ગોપીઓનાં વિરહને વધારે મહાવત આપી તેનું તાદૃશ નિરૂપણ કરે છે. ઉદ્ધવને સમજાવવા માટે ગોપીઓ માછલીનું દ્રષ્ટાંત આપે છે. જે રીતે પાણી વિના માછલી જીવિત રહી શકતી નથી તેવી જ રીતે કૃષ્ણના પ્રેમ વિના ગોપીઓ જીવિત રહી શકતી નથી. ગોપીઓને સમજાવવા આવેલ ઉદ્ધવ અંતે પોતે જ પ્રેમના પંથે ચાલી નીકળે છે. પ્રિતમદાસની આ કૃતિ પરંપરામાં અનુ ઉમેરણ કરી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદ પાસેથી આ પ્રસંગને નિરૂપતી ‘સ્નેહગીતા’ નામની ઉત્તમ રચના મળે છે. ૧૧ પદ અને ૪૪ કડવાંમાં વિભક્ત થયેલ આ રચનામાં સરળ અને વેગવંતી ભાષામાં કવિએ ઉદ્ધવસંદેશના પ્રસંગનું સુંદર આલેખન કર્યું છે. જેમ ગોપીને કૃષ્ણનો વિરહ છે તેમ કૃષ્ણને પણ ગોપીનો વિરહ છે, તેવું આલેખન કવિએ કર્યું છે. કૃષ્ણ માટે ગોપી જે રીતે વિરહમાં ઝૂરે છે તેમ કૃષ્ણ પણ ગોપીઓનો વિરહ અનુભવે છે. ઉદ્ધવ કૃષ્ણનો આ વિરહ

VIDHYAYANA

ગોપીઓની આગળ વ્યક્ત કરે છે. આ કૃતિમાં કવિએ ગોપીઓનાં વિરહ દ્વારા અંતે તો ભક્તોનો ભગવાન પ્રત્યેનો જ વિરહ આલેખ્યો છે. આ જ સંપ્રદાયના અન્ય એક સાધુ કવિ મુક્તાનંદ સ્વામી પાસેથી પણ ઉદ્ધવસંદેશના પ્રસંગને આલેખતી રચના મળે છે. ૧૦૮ કડવા અને ૨૭ પદમાં વિસ્તરતી 'ઉદ્ધવગીતા' ઘણી દીર્ઘ રચના છે. ઉદ્ધવની જ્ઞાનચર્ચા અને ગોપીવિરહનું ચિત્રમાં થોડો પ્રસ્તર થયો જણાય છે. વિરહ અને કૃષ્ણ રસનું મિશ્રણ કૃતિની વિશેષતા છે. સરળ ભાષામ રચાયેલ આ કૃતિ ગોપીઓનાં કૃષ્ણ પ્રત્યેના વિરહની સંયમિત વાણીમાં વર્ણન કરે છે. ગોપીઓનાં મનનું માનસશાસ્ત્રીય નિરૂપણ કૃતિનો વિશેષ છે.

મધ્યકાળના અંતિમ કવિ દયારામ પાસેથી આ પ્રસંગનું આલેખન કરતી 'પ્રેમરસગીતા' નામની રચના મળે છે. ૨૧ પદમાં વિભક્ત આ કૃતિ પરંપરાગત પ્રસંગના નિરૂપણ કરતાં સાંપ્રદાયિક વિચારનું નિરૂપણ કરતી રચના છે. કવિએ વાત્સલ્ય કે કરુણ રસના આલેખન કરતાં સગુણ ઈશ્વરની સ્થાપના કરવાનું લક્ષ્ય વધારે હોય તેમ જણાય છે. કૃષ્ણ પ્રત્યેનો ઉપાલંભ તથા નિર્ગુણ વિચારના ખંડન માટેનો સબળ તર્કવાદ પ્રસ્તુત કૃતિને આ પ્રકારની અન્ય કૃતિઓથી અલગ પાડે છે. ગરબીઓમાં રચાયેલ આ કૃતિમાં ભાવ અને ભાષાનું સૌંદર્ય ઉત્તમ રીતે પ્રગટ થયું છે. આ રચના વિપ્રલંભ શૃંગારનો અનુભવ થાય છે.

આમ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભાગવતના ઉદ્ધવસંદેશને ધ્યાનમાં લઈને રચાયેલ કૃતિઓની એક દીર્ઘ પરંપરા જોવા મળે છે. કૃષ્ણ ને કૃષ્ણ પ્રત્યેના ગોપીઓનાં પ્રેમ-વિરહનો અનુભવ કરાવતી આ પ્રકારની રચનાઓ ઘન કવિઓ પાસેથી મળે છે. આ પ્રકારનું ઐતિહાસિક આલેખન કરવાથી કૃષ્ણ ચરિત્રના વિવિધ પ્રસંગો કેવી રીતે મધ્યકાળમાં સતત આલેખતા રહ્યાં છે તેનો પરિચય થાય છે. ઉદ્ધવસંદેશ ઉપરાંત રાસલીલા જેવા પ્રસંગો પણ આ સમયના કવિઓ માટે કવન વિષય બન્યાં છે. જે રીતે ઉદ્ધવસંદેશ કાવ્યો રચાય છે તેમ રાસલીલાના પ્રસંગને અનુસંધાને પણ કાવ્યો રચાયા છે. આવી પરંપરા જોવાથી કોઇપણ સમયના સાહિત્યની એક જુદી તાસીર પ્રગટ થઇ હોય છે. જેના દ્વારા આપણે તેનું જુદી રીતે મૂલ્યાંકન કરવા પ્રેરતા હોઈએ છીએ. ઉદ્ધવસંદેશના કાવ્યો આ પ્રકારનું કે પરિદ્રશ્ય રચે છે.